પ્રખ્યાત
આરતી સંગ્રહ.



—: સંગ્રહ કર્તા : ગુર્જેશ્વર મણીલાલ આહિર કર ભગત. :—

ઠે૦ સ્ટેશન રોડ — સુરત.

બાર પાનાનું ભીંતે ટાંગવાનું પંચાંગ તથા
ભેટ પુસ્તક તદ્દન મફત.

સામાજીક બાબતો ઉપરાંત વિવિધ વિષય ચર્ચતું

માસિક

અનાવિલ પોકાર

દર અંગ્રેજી મહિનાની દશ તારીખ પહેલાં પ્રસિદ્ધ થાય છે.

લવાજમ: હિન્દમાં રૂા. ૨) પરદેશ શીલીંગ આઠ.

નમુનાના અંકના ૦-૪-૦

રૂપીઆ બેનાં નજીવા લવાજમમાં ફકત પોસ્ટ ખર્ચ લઇ કળદાર ભેટ-પુસ્તક તથા બાર પાનાનું પંચાંગ મફત આપવામાં આવે છે.

ગ્રાહક તરીકે નામ નોંધાવવા માટે લખોઃ—

શ્રી અનાવિલ પોકાર ઓફિસ

C/o. શ્રી અનાવિલ બંધુ પ્રીં. પ્રેસ.

બરાનપુરી ભાગળ
ભાજીવાળી પોળ —સુરત.

—: લગ્ન ગીતાવળી :—

જેમાં લગ્નમાં ગવાતાં ગીતોનો મોટો સંગ્રહ કરવામાં આવ્યો છે. જલ્દીથી મોઢે ચઢે એવી શુદ્ધ ભાષામાં છાપવામાં આવેલાં છે. કીંમત પોસ્ટ ખર્ચ સાથે રૂા. ૦-૧૦-૦.

મળવાનું ઠેકાણું:—શ્રી અનાવિલ બંધુ પ્રેસ-સુરત

પ્રખ્યાત.

આરતી સંગ્રહ.

(ગણપતિની આરતી)

જયદેવ, જયદેવ, ગણપતિ દેવા (૨)
ગણનાયક ગીરજાસુત (૨) સિદ્ધિ બુદ્ધિ કરે સેવા,
જયદેવ જયદેવ—ટેક.

લંબોદર મમ સુખકર, ઉંદર અશવારા (૨)
પીતાંબર ધર કટીપર (૨) ત્રીભુવન જન પ્યારા;
જયદેવ જયદેવ—૧

હેરંબ હસ્તનય, મોદક મન ગમતા (૨)
પુષ્કળ ધૃત સાકરના (૨) શુંઢવતે જમતા;
જયદેવ જયદેવ—૨

માતંગકૃતિ દેવ, વિશ્વતણા ભરતા (૨)
ઇભવદના એક દંતા, (૨) વિઘ્ન સકળ હરતા;
જયદેવ જયદેવ—૩

તેત્રીસ કોટી અમરા, તે તવ યશ ગાવે (૨)
ભવ બ્રહ્મા ઈંદ્રાદિક (૨) નીત દર્શન આવે;
જયદેવ જયદેવ—૪

સુર દાનવ મુની માનવ, ચરણાંબુજ પુંજે, (૨)
આજ્ઞા અહિ ઉલંગતા (૨) થરથર થર ધ્રુજે;
જયદેવ જયદેવ—૫

ગજવદના મુખસદના, સર્વતણા (૨)
કરજોડી હું પ્રણમું (૨) નીરગુણ નીષ્કામી;
જયદેવ જયદેવ—૬

ભવનંદન જગવંદન, આરતી ઉતારી (૨)
શ્વેત વૈકુંઠ ઉમપર (૨) જાએ બલીહારી;
જયદેવ જયદેવ—૭

(મહાદેવની આરતી)

જયદેવ જયદેવ જય હરિહરા (૨)
ગંગાધર ગિરિજાવર (૨) ઇશ્વર ઓમકારા.
હર હર હર મહાદેવ.

વાઘાંમ્બર પીતાંબર શીવ શ્યામે પહેર્યાં (૨)
કમલ નયન કેશવને (૨) શીવનેત્રી નયના.
હર હર હર મહાદેવ.

નંદિ વાહન ખગ વાહન શીવ ચક્ર ત્રીશુળધારી (૨)
ત્રિપુરારી મોરારી (૨) જય કમલા ધારી.
હર હર હર મહાદેવ.

વૈકુંઠે વસે વિશ્વંભર શીવજી કૈલાસે (૨)
હરિ કાળા હર ગોરા (૨) તે તેને ધ્યાને.
હર હર હર મહાદેવ.

રામની ખાંધે ધનુષ શીવ ખાંધે ઝોળી (૨)
રામને રીંછ વાનર (૨) શીવને ભૂત ટોળી.
હર હર હર મહાદેવ.

ચંદન ચડે ત્રીકમને, શીવહર ભસ્માંગે (૨)
રામે હૃદયા રાખ્યા (૨) ઉમીયા અર્ધાંગે
હર હર હર મહાદેવ.

કૌસ્તુભ મણી કેશવને, શીવને રૂંઢમાળા (૨)
મુકતાફલ મોહનને (૨) શીવને સર્પ કાળા.
હર હર હર મહાદેવ.

કેવડો વ્હાલો કેશવને શીવને ધંતુરો (૨)
ત્રીકમને વહાલાં તુલસી (૨) શીવને બીલીપત્ર.
હર હર હર મહાદેવ.

લક્ષ્મીવર ઉમીયાવર, શંકર શામળીયા (૨)
હરિહર નટવર સ્વામી (૨) એકાંતે મળીયા.
હર હર હર મહાદેવ.

મોહન ને મહાદેવ. બે સુંદર ગાયો (૨)
હરિહરના ગુણ ગાતાં (૨) હરી ચરણે જાશો.

હર હર હર મહાદેવ.

એ બે એક સ્વરૂપ અંતર નવ ધરશો (૨)
ભોળા ભુધરને ભજતાં (૨) ભવસાગર તરશો.

હર હર હર મહાદેવ.

હરિહરાની આરતી, જે કોઇ ગાશે (૨)
ભણે શીવાનંદ સ્વામી (૨) મનવાંચ્છિત થાશે કૈલાસે જાશે

હર હર હર મહાદેવ

(દશ અવતાર રૂપે મહાદેવની આરતી)

જયભોળા શંકર પ્રભુ જય ભોળા શંકર,
દ્વાદશ નામ સંભરતાં (૨) નાશે જમ કીંકર હર મહાદેવ.
પ્રથમ પ્રગટયા સૌરાષ્ટ્રે, સોમનાથ સોમેશ્વર (૨)
બીજા ગિરિશ્રીશૈલે (૨) મલ્લિકાર્જુન ઇશ્વર—હર૦
ત્રીજા શિવ મહાકાળ ક્ષીપ્રાને તીરે (૨)
ચોથા શિવ ૐકાર (૨) વિંધ્યાચળ વિષે—હર૦
પાંચમા શિવ કેદાર હિમ શિખર ઉપર (૨)
છઠ્ઠા ભિમાશંકર (૨) ડાકીની પુરી વિષે—હર૦
સાતમા પુરણ રૂપ, વિશ્વેશ્વર કાશી, (૨)
ભાગીરથીને તીરે (૨) બેઠા અવિનાશી—હર૦

આઠમા ત્ર્યંબક નાથ, ગૌતમી ગંગા પ્રગટયાં (૨)
પંચવટીમાં રામ (૨) ગોદાવરી નાહ્યા—હર૦
નવમા વૈજનાથેશ્વર વૃક્ષખંડ વિષે (૨)
દશમા શિવ નાગેશ્વર (૨) દારૂકવન વિષે—હર૦
એકાદશે રામેશ્વ, શ્વેત બિંદુ જયોતિ, (૨)
બારમા શિવ ધુસ્રણેશ્વર (૨) શિવાલય જ્યાંહિ—હર૦
દ્વાદશ લીંગની આરતી, ભાવધરી ગાશે (૨)
છોડુ શિવદર્શ નથી (૨) કૈલાશે જાશે.—હર૦

(શ્રી રણછોડજીના આરતી)

જે રણછોડ રાયા, જે રણછોડ રાયા,
અગર કપુરે કરૂ આરતી, ગોપીવર ગાયા જે રણછોડ૦–૧
સુર તરૂ કામધેનુ ચિંતામણી, જે કોઇ જન સેવે (૨)
ત્રીવિધિ તાપ ન વ્યાપે, ઈચ્છા ફળ દેવે જે રણછોડ૦–૨
ચતુરાનન પંચાનન, સદા શેષ સમરે (૨)
પદરજ શીશ ચઢાવે તે નીશ્ચે ન મરે જે રણછોડ૦–૩
ઇશ્વર રજ સુજશ શ્રીસંગે, અંગે રંગ રાજે (૨)
જ્ઞાન વૈરાગે વસે પૂરણ, ભવ સંકટ ભાજે. જે રણછોડ૦–૪

રિધિ સિધ નવ નિધ મુકતી ચતુરાધા, ચરણુ તળે લોટે (૨)
આનંદ મુળ સુખ પામ્યો, કેમ બીજુ ગોઠે જે રણુછોડ–૦૫
નખ શિખ રૂપ રસીકવર કેરૂ, જે રૃદીયે ધરશે (૨)
પ્રીતમ ગૌપદ પેરે, ભવ સાગર તરશે. જે. રણુછોડ૦–૬

(શ્રી રામચંદ્રજીની આરતી)

જે રઘુવર રાયા, જે રઘુવર રાયા,
આરતી કરૂ આનંદે વ્યાપે નહિ માયા જે રઘુવર૦–૧
કિરિટ મુગટ મકર કૃત કુંડળ, ભાલ તિલક રાજે (૨)
કમળ નેણુ કેસરીયો વાઘો, ધનુષ બાણુ રાજે જે રઘુવર૦–૨
હીરા હેમ રતન મણિ માળા, માણેક ગજ મોતી (૨)
ભુજ કંકણુ બાજુ બંધ પોંચી, નખ મણી ગણુ જયોતિ–૩
પીત વસન તન સુંદર સોહે આભુષણુ અંગે (૨)
જાનકી સતી શિરોમણી સીતાજી સંગે. જે રઘુવર૦–૪
ચરણુ કમળ રજ મહિમા મોટો, અહલ્યાજી ભાખે (૨)
જયાંથી પ્રગટયાં ગંગા, શંકર શિર રાખે. જે રઘુ વર૦–૫
તિરથ સકળ હરિચરણે મોન પણ ગ્રહે છે (૨)
સૂરનર મુનીજન સેવે, આનંદે રહે છે. જે રઘુવર૦–૬
સનકાદીક ઇંદ્રાદીક નારદ, સ્તુતિ શ્યામની ગાયે (૨)
પ્રીતમ પ્રેમ વંદે, બલિહારી જાયે. જે રઘુવર૦–૭

(હનુમાનજીની આરતી)

જય મારૂતિ મહાવીર, હર્ષ વડે સ્તવિએ –વીરહર્ષ
આપ એક વજાંગ (૨) જઇ પહોંચ્યા રવિએ –જયવીર મહાવીર.
શ્રીકૃષ્ણે તો ગિરિવર, આંગળી પર ધરિઓ –વીર આંગળી૦
આપતો ગિરિવર લઇને કુદી ગયા દરિઓ. –જયવીર૦
રામકૃષ્ણ શિર ઉપર, રથમાં ધ્વજ માંહિ –વીર રથમાં૦
આપ રહ્યા તેમ રેજો (૨) અમ ભુજ માંહી –જયવીર
અમરવેલીના જ્ઞાતા, બટુક બ્રહ્મચારી, –વીર બટુક૦
આપનું બધું બળ ગ્રહેવા (૨) કરજો અધીકારી –જયવીર૦
અંત બળના રાશિ અજરામર કહાવો –વીર અજરા૦
બળ અજરામર રૂપે (૨) અમ શરીરે આવો –જયવીર૦
પુચ્છથી રાવણ હાંક્યો એમાં નથી શંકા –વીર એમાં૦
અધર્મીનું બળ હણવા, બાળી દીધી લંકા –જયવીર૦
જે ગુરૂની ભક્તિથી, બળ આપજ પામ્યા –વીરબળ૦
અમ અંતરને રામ (૨) સદા રહો જામ્યા –જયવીર૦
રામથી ગણી અભિન્ન, હર્ષ વડે સ્મરીયે –વીરહર્ષ૦
અદ્ભુત બળ પુષ્ટિ અમ, અણુંઅણુંમાં ભરીયે –જયવીર
આપ હૃદયમાં રામ, જેમ અખંડ રમે –વીર૦
ઉભય આપ તન મકમાં, રહો કહી સર્વ નમે –જયવીર૦

(હનુમાનજીની આરતી)

જયદેવ જયદેવ, જયશ્રી હનુમન્તા (૨)
અંજની સુત અતિદેવ, વાયુસુત અતીવેગ છોજી બલવંતા.

સીતા શોધન કારણે સમર્યા રઘુનાથે
તત્ક્ષણુ પ્રગટયાં તાંહે દંડ ગ્રહી હાથે.
તમસરખા યોદ્ધા નાહિ ભુલમાં કોઈ
કઠણુ પંથને કાજ સંભાર્યાં સહિ. જયદેવ૦ ૧.

શીષ નમાવ્યું રામને મુખ બોલ્યા વાણી,
આજ્ઞા દો રઘુરાજ સેવક જનવાણી,
વાયુસુત વેગે કરી સીતા શોધ લાવો.
ઈશ્વર અંશ પ્રતાપં અતિ બલીયા કહાવો. જયદેવ ૨.

પાયા લાગીને પરવાર્યા અતિ ચાલ્યા વીર
પલકે પહોંચ્યાં ત્યાંય સાહેરને તીરે,
દીસે લોચન રાતાં હુંકારો જબ કીધો'
ગગડયા ચૌદ બ્રહ્માંડ ધ્રુજયો અતિ દરિયો. જયદેવ૦ ૩.

વાયુસુત વેગે કરી કુધા બલવંતા,
લંકા મેલી પાસ કૂધા પરલંકા.
વેગે મળ્યા માતને દુઃખ લાવ્યાં કાપી,
વજ્ર હુએ તુજ અંગ અવિચલ પદ આપી. જયદેવ૦ ૪

વાડી ઉખાડી વેગથી લંકાપુર બાળ્યું
આવ્યા રામની પાસ. વચન પ્રભુનુ પાળ્યું
આ આરતી હનુમાનની જે કોઇ ગાશે
ટળસે ત્રીવિધના તાપ વૈકુંઠે જાશે. જયદેવ૦ ૫
કુબેરને કરૂણા કરી સંકટ સૌ કાપ્યાં,
ધર્મ અર્થ કાજ ભકિત પદ આપ્યાં. જયદેવ૦ ૬

(અંબાજીની આરતી)

જય આદ્ય શક્તિ મા જય આદ્ય શક્તિ,
અખંડ બ્રહ્માંડ દિપાવ્યાં (૨) પડવે પંડીતમ,
જયો જયોમા જગદંબે
દ્વિતીયા બેસ્વરૂપ, શિવશક્તિ જાણુ મા (૨)
બ્રહ્મા ગણપતિ ગાયે હરગાયે હરમા, જયો જયો૦
તૃતીય રક્ષણુ સ્વરૂપ, ત્રીભુવનમાં બેઠાં મા (૨)
દયા થકી તરવેણી, તુ તરવેણી મા જયો જયો૦
ચોથ ચતુરા માલક્ષ્મી, સચરાચર વ્યાપ્યાં મા (૨)
ચાર ભુજાઓ દિશા, પ્રકટયાં દક્ષિણમાં, જયો જયો૦
પંચમી પંચઋષિ, પંચમી ગુણ સઘળા મા (૨)
પંચતત્વ ત્યાંસોહીએ, પંચેતત્વે મા જયો જયો૦
ષષ્ઠી તું નારાયણી, મહીસાસુર માર્યો મા (૨)
નર નારીના રૂપે, વ્યાપ્યા સર્વેમા જયો જયો૦

સપ્તમી સપ્ત પાતાળ, સંધ્યા સાવિત્રી મા (૨)
ગૌગંગા ગાયત્રી, ગૌરી ગીતા મા જયો જયો૦
અષ્ટમી અષ્ટ ભુજા, આઇ આનંદા મા (૨)
સુરનર મુનિવર જન્મ્યા દેવ દક્ષિણમાં જયો જયો૦
નવમી નવકુળ નાગ, સેવે નવદુર્ગા મા
નવરાત્રીનાં પૂજન, શીવરાત્રીનાં અર્ચન કીધા હરબ્રહ્મા જયો૦
દશમી દશ અવતાર જયવિજયા દશમી (૨)
રામે રામ રમાડયા, રાવણ રોળ્યો મા. જયો જયો૦
એકાદશી અગીઆરસ, કાત્યાયની કામા મા (૨)
કામદુર્ગા કાળીકા શ્યામાને રામા જયો જયો૦
બારસે બાળા રૂપ બહુચરી અંબા મા (૨)
બટુક ભૈરવ સોહીએ, કાળ ભૈરવ સોહીએ ત્હારા
છે તુજમા જયો જયો૦

તેરસે તુલજારૂપ, તું તારણી મામા (૨)
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ, ગુણત્હારા ગાતા. જયો જયો૦
ચૈદસે ચૌદા રૂપ, ચંડી ચામુડા મા (૨)
ભાવ ભક્તિ કાંઇ આપો, ચતુરાઇ કાંઇ આપો,
શિવાહીની માતા. જયો જયો૦
પુનમે કુંભ ભર્યો સાંભળજો કરૂણા મા (૨)
વસિષ્ઠ દેવે વખાણ્યા, માર્કંડ દેવે વખાણ્યા, ગાઇ
શુભ કવિતા. જયો જયો૦

સંવત સોળ સત્તાવન, સોળસેં બાવીસમા (૨)
સંવતસોળમાં પ્રકટયાં, રેવાને તીરે, ગંગાને તીરે જયો જયો૦
ત્રંબાવટી નગરી આઈ, રૂપાવતી નગરી, મા મછાવતી નગરી
સોળસહસ્ર ત્યાં સોહીએ, ક્ષમા કરો ગૌરી. જયો જયો૦
શીવ શક્તિની આર્તિં,. જે કોઇ ગાશે મા (૨)
ભણે શિવાનંદ સ્વામી, સુખ સંપત્તિ થાશે કૈલાશે જાશે
જયો જયો૦

(આરતિ લક્ષ્મીજીની)

જય લક્ષ્મી માતા. જય લક્ષ્મી માતા
તુમકું નિશદીન સેવન (૨) હર વિષ્ણું ધાતા. જય૦
બ્રહ્માણી રૂદ્રાણિ કમલા; તુહીં હૈ જગમાતા (૨)
સૂર્ય ચંદ્ર ધ્યાવત, (૨) નારદ ઋષિ ગાતા જય૦
દુર્ગા રૂપ નિરંજન સુખ સંપતી દાતા (૨)
જો કોઇ તુમકું ધ્યાવત (૨) અસ્ટ સિદ્ધિ ધનપતા જય૦
તૂહી હૈ પાતાલ બસંતી. તૂહી હૈ શુભ દાતા (૨)
કર્મ પ્રભાવ પ્રકાશ, (૨) જગનિધિસે ત્રાતા જય૦
જીસ ઘર થોરી બાસો જાહીમેં ગુણઆતા (૨)
કર ન શકે સો કર લે (૨) મન નહિ ધડકતા. જય૦
તુમ બીન થરી ન હોવે, વસ્ત્ર ન હોય રાતા (૨)
ખાન પાન કો વૈભવ, તુમ બીન કુણ દાતા. જય૦

શુભ ગુણ સુંદર મુક્તાક્ષીર નિધી જાતા (૨)
રત્ન ચતુર્દર્શ તો કું કોઇથી નહિ પાતા. જય૦
આરતી લક્ષ્મીજીકી જો કોઇ નર ગાતા (૨)
ઉર આનંદ અતિ ઉમંગે, પાળ ઉતર જાતા. જય૦
સ્થિર ચર જગત બચાવે, કર્મ પ્રેરલ્યાતા (૨)
રામ પ્રતાપ મયાકી, શુભ દ્રષ્ટી ચાહતા જય. જય૦

(સત્યનારાયણની આરતી)

જય કમળા સ્વામી. જય કમળા સ્વામી,
સત્યનારાયણ સ્વામી (૨) વિભુવર બહુ નામી. જય૦
ભિન્ન ભિન્ન રૂપ ધરેલ ભક્તો ભય હરવા પ્રભુ૦
પ્રતાપ પ્રસર્યો પ્રભુ તવ (૨) જગતનુ જય કરવા જય૦
સુંદર રૂપ સ્વરૂપ, પ્રભુ અમને પ્યારૂ પ્રભુ૦
દર્શન કરવા નિત્યે (૨) મન દોડે મારૂ જય૦
ગાયે ગુણ અપાર; શુક શૌનક આદી. પ્રભુ૦
મહિમા મહિમા મોટો (૨) શેવે બ્રહ્માદી જય૦
ગરૂડાસન પર દેવ શોભો સુખ રાશિ, પ્રભુ૦
સહાય સર્વની કરવા (૨) તત્પર અવિનાશી. જય૦
આ કળી કાળે આપણે, પ્રત્યક્ષ સદા પ્રભુ૦
કૈ દીનને દર્શન દઇ (૨) કરવા સુખ સદા, જય૦
શતાનંદનુ કાર્ય પ્રેમે પુર્ણ કર્યું પ્રભુ૦

ધન સંપતિ સઘળી દઈ (૨) વિપ્રનુ કાર્ય સર્યું જય૦
કઠીઆરાના નાથ, કોડે કષ્ટ હર્યાં. પ્રભુ૦
દુઃખ દરિદ્ર હઠાવી (૨) ભીલનાં ભાગ્ય ફર્યાં જય૦
ઉલ્કા સુખ મહિપતિની લજ્જાને રાખી પ્રભુ૦
ભદ્ર શીલાને ભાવે (૨) સ્નેહ સાંકળ નાખી જય૦
સાધુ વણિક શ્રીપુર, તેને બહુ તાવ્યો પ્રભુ૦
ભુલ ભયંકર તેની (૨) તેથી નવ ફાવ્યો જય૦
કલાવત્તિનાં કષ્ટ ધ્યાન દઈ પ્રીતે. પ્રભુ૦
લીલાવતીને ભાવે (૨) સહાય થઇ નિત્યે જય૦
ગોપ મંડળી ઘેર અંગધ્વજ આવ્યો પ્રભુ૦
પ્રસાદ પડતો મેલ્યો (૨) હરીએ લઇ તાવ્યો જય૦
શત પુત્રનો નાશ થયો, અનાદરથી પ્રભુ૦
પ્રસાદ જવ લીધો તવ (૨) શુભ થયુ શ્રીવરથી જય૦
અનેક સેવા ભકતો તાર્યા ભાવ થકી પ્રભુ૦
અમને પણ અર્પીને (૨) સત્યદેવા સુમતિ જય૦
સર્વ શક્તિ અવેશ દશ દીશ રહી જામી પ્રભુ૦
જગધામી ભય ભામી (૨) જરી રહી નહિ ખામી જય૦
અધમ ઉધારણ કારણ નિષ્કામી પ્રભુ૦
ખલહામી સહુ ઠામો (૨) સતી મતી નવ પામી જય૦
પ્રેમથકી યે ભક્ત સત્યનારાયણ સેવે પ્રભુ૦
શ્રી આયુષ્ય કીર્તિ સુત (૨) જગપતિ સુખ દેવે. જય૦

કથા શ્રવણુ કરી ભક્ત, આ આરતી ગાશે પ્રભુ૦
કૈંક જનમનાં પાપો (૨) પ્રલ્લે તો થાશે જય૦
શરણુાગત શ્રીદેવ સત્યનારાયણુજી પ્રભુ૦
છગનલાલ ગાયે છે (૨) ભક્તિ ભાવ રાજી જય૦

(શ્રી સૂર્યનારાયણુની આરતી)

જય સવિતા નારાયણુ, જય સવિતા નારાયણુ
સૃષ્ટા જગપતે (૨) પુણ્ય પુરાણુ પરાયણુ
ત્રીપદાસ્તવનકૃતે જયજય જગપતે

હૃદયે બ્રહ્મા સ્વરુપ, મધ્યે રુદ્ર હર્યા (૨) પ્રભુ૦
સાયંકાળે વિષ્ણુ (૨) તનુતિમીરા અખરયા. જય૦
અનિલ નમનનુનિય, કારણુ કિર્ણ થકે (૨) પ્રભુ૦
પૃથ્વી તેજ પ્રકાશક (૨) વેદવિચિત્ર લખે જય૦
કિટાદિક મનુજ પશુપક્ષી સર્વે (૨) પ્રભુ૦
સર્જક પાલક સિંધુ (૨) હારદ છો હરવે જય૦
ભણુના કાલ સ્વરૂપ, અખિલ બ્રહ્મા વ્યાપી (૨) પ્રભુ૦
સાક્ષીભુત સમસ્તે (૨) આદ્ય અદ્યાપી જય૦
આદ્ય મધ્યાહિનાંત આરતી જે કરશે (૨) પ્રભુ૦
ગંગાધર દુઃખ તેનાં, અરૂણુ ઉદય હરશે જય૦

(શનિ દેવની આરતી)

જયદેવ જયદેવ, જય શનીદેવા જય શનીદેવા.
પ્રીત કરી તમારી, (૨) કરૂ નીત્ય સેવા, જય શનીદેવા૦
સેવક રામ તણા છો, બળીયા બહુ ભારી (૨)
બેઉ કર જોડી વંદુ તવ જે નરનારી, જયદેવ૦
આજ્ઞા રામતણી થઈ તમને શનીદેવા (૨)
જાઓ લંકા વેગે, સીતાય શુદ્ધ લેવા જયદેવ૦
વચન સુણીને વેગે લંકાપર જાના (૨)
ચાભે જન કુદીને ક્ષણ માંહી ચાલ્યા જયદેવ૦
સીતાજીની પાસે આવ્યા હનુમંતા (૨)
મુદ્રિકા નાખીને પાયે લાગતાં જયદેવ૦
પુછે જાનકી વન્દર કયાંથી આવ્યા (૨)
મુદ્રીકા કોની કયાં થકી લાવ્યા જયદેવ૦
તવ મુખેથી બોલ્યા તાતતણી પાસે (૨)
માત તણી રામે અહિ, મોકલ્યો તમારી પાસે જયદેવ૦
આ મુદ્રીકા મારા રામની નિજ હાથે આપી (૨)
કુશલ છે બે બંધવ કાવ્યુ મુજ સાથે જયદેવ૦
સીતાજી કહેજો સંદેશો; કહેજો સંદેશો,
સીતાનું દુઃખ જાણી આવી કવ મળશો જયદેવ૦
તમે ધીર આપી, બોલ્યા જાનકી મુજ માતા
રામ લક્ષ્મણ આવી કરશે સુખ શાતા. જયદેવ૦

એમ કહી આજ્ઞા લઇ રામ કને આવ્યા, (૨)
સંદેશો કહીને મનમાંહી ભાવ્યા જયદેવ૦
અંજની થયા તને કથી શુભ કામ. (૨)
સદા ચરણુમાં રાખ્યાં તે શ્રીરામ. જયદેવ૦
શનીશ્ચય કેરી આરતી જે કોઇ ગાશે (૨)
કહે ચુનીલાલ તેનાં દુઃખ સરવે જાશે. જયદેવ૦

(પાર્વતીજીની આરતી)

જય પાર્વતી માતા, જય પાર્વતી માતા,
બ્રહ્મ સનાતન દેવી, શુભ ફલકી દાતા. જય૦
અસિકુલ પદ્મ નિવાસી, નિજ સેવક ત્રાતા (૨)
જગ જીવન જગદંબા, હરિહર ગુણુ ગાતા. જય૦
સિંહન વાહન સાજે, લુંકડ રહે સાથા (૨)
દેવ વધુજર ગાવત, નિરત કરત તતથા. જય૦
રૂપ શીલ અતિ સુંદર, નામ સતી કહાતા (૨)
હેમાચર ઘર જન્મી, સખી સંગ રાતા જય૦
શુભ—નિશુભ બિદારે, હેમાચળ સ્થાતા, (૨)
સહસ્રભુજા તનુ ધરકે, ચક્રલિયા હાથા. જય૦
સૃષ્ટિરૂપ તુંહિ જનની, શિવ સંગ રંગરાતા, (૨)
નંદી ભૃંગી બિનવહી, પરથા પદધાતા. જય૦

દેવર અરજ કરત હમ, મન ચિનકું લાતા (૨)
ગાવત હૈ દે તાલી, મનમેં રંગ ધાતા. જય૦
શ્રી આરતી માયાડી, જે કોઇ નર ગાતા, (૨)
સ્વર્ગ સુખી નિત રહતા, સુખ સંપતિ પાતા. જય૦

(રવિવારની આરતી)

જય જય જય ભુતપતે, જય વિઘ્નેશપીતા [૨]
વાણીવાલિમકી ભારવી, તમથી સહુ સવિતા જયજય૦
તમ મહિમાનો પાર, કઇ પણ વણજાણે [૨]
સ્તુતિ બ્રહ્માદિ કરે પણ, નહી જયવી જાણે. જય૦
શિવ, એ વિધ વાણી પણ, તમમાં નવ ચાલે [૨]
તો પણ સ્તુતિ કરે સહુ, જ્યાં લગી મતી મહાલે જય૦
થાય નહીંજ અવજ્ઞા, કોઈ તણી એમાં [૨]
છઉ નિરપવાદ હુપણ, સ્તુતિ કરૂ તેમાં જય૦
તમ મહિમા ભણી જાતાં, મન વાણી ચટકે [૨]
શ્રુતી પણ નેતી કહીને, ભણુતી મન ખટકે જય૦
કોણ થકીજ કથાઓ, ગુણ કયટલા કેવા [૨]
આપ એવા છો એવુ, કોનુ ગજુ કેવા જય૦
પણ પ્રભુજી કો કોનાં, વિષય નવીન વિશે [૨]
મનવાણી નહિ પોચે, છેજ સુગમ અતિશે જય૦

આપતણી શિવ વાણી, મીઠી મધ સરખી [૨]
બોલતા અમૃત ઝરે, શ્રોતારે હરખી જય૦
વાણિ બ્રહસ્પતિની પણ, જે કાવે સારી [૨]
તે પણ તમ આગળ પ્રભુ શુસ્વિમયકારી. જય૦
રવિવારે આ અષ્ટક, શિવપાસે ગાશે [૨]
આ લોકે સુખ પામી, શિવ પાસે જાવે જય૦

(સોમવારની આરતી)

જય જય જય ભુતપતે, જયવાચે ગિરિજા (૨)
સોમ કળા શિરધારી, આપો મોદ જમા જય૦
તમ ગુણ ગાયાથી પ્રભુ, પુણ્ય થશેજ અતિ (૨)
તેણે મુજ વાણી કરૂ, પાવન એમ મતિ જય૦
શિવ ઐશ્વર્ય તમારૂ. વેદ ત્રયી રૂપે (૨)
ત્રીગુણ તણો ત્રણ કાયા, મધ્ય રહ્યું ઓપે. જય૦
એ વિધિએ ત્રણ વિધ થઇ, જગદુત્પતિ કરે (૨)
વળી પાળે છે પથ એ, અંતે એજ હરે જય૦
એ તમ અર્થેજ તણી, સત્તા પર હરવા (૨)
કેઇ બકે જડમતી કોણ કરે પરવા જય૦
તમમાં આસ્થાવણને, છે એ મનગમતું (૨)
પણ વાસ્તવિક સરવેને, છે અતિ અણગમતું જય૦

આપ જગત સરજાવો, તેમાં પણ કયટલા (૨)
કુમમિ કરેચ કુતર્કો, વણુ સમજે જયટલા જય૦
કુમતિ કહે ઇશ જગત, શુ ઇચ્છાથી કરે (૨)
કેવી કાય ધરે ત્યાં, ઉપાય શ્યોજ ધરે જય૦
જગત રચે શેમાંથી, ઠામ કહયે રહીયે (૨)
જડ જગતને ભુલવે ઈત્યાદિક કહિને જય૦
સોમ દિને આ અષ્ટક જે શિવ ગાશે (૨)
ભુતેશ ભજન યોગે, રોગ રહીત થાશે જય૦

(મંગળવારની આરતી)

જય જય જય મંગળમય, જય ભવભય હારી (૨)
મંગળનામ સદા શિવ, હો મંગલકારી જય૦
લોક બધા સ્પષ્ટપણે, અવયવ સહતાળ્યા (૨)
હોય શુ જન્મ વિનાના, જે અવયવ બાળા જય૦
જગત નિયામક કેરો, ખપ પડવા ન હઇ (૨)
જગ રચના શુ થાય, આપે આપ રહી જય૦
જો અસમર્થ પુરુષકો સૃષ્ટિ સજે જયારે
શી શી ચહે સામગ્રી, તે સજવા ત્યારે જય૦
એમ છતાં આપ વિષે, જે શંસય રાખે (૨)
અરેખરા તે મૂરખ, ભાખ્યા ભવ આંખે જય૦

વેદ સાંખ્ય યોગ વળી, મત પાશુપતનો (૨)
ભેદ ભુવનમાં જાણ્યા, વળી વૈષ્ણવ મતનો જય૦
માન્યુ મન આસરો, આમાં કંઇ ન મણ્યા (૨)
ભિન્ન ભિન્ન રૂચિથી થયા, પંથો એમ ઘણા જય૦
પંથ પરસ્પર મર સહુ, જુવા જુવાદીસે (૨)
તો પણ અંતે એ સહુ મળતા આપ વિશે. જય૦
જેમાં પાંસરે વાંકે, પંથ જતાં પાણી (૨)
આખર સાગરમાં સહુ જાય મળી પાણી જય૦
મંગળવારે જન જે અષ્ટક, આ ગાશે (૨)
તેને અમંગળ દેખે, નીત મંગળ થાશે જય૦

(ગુરુવારની આરતી)

જય જય જય જગન ગુરૂ, સુરગુરૂ ગીતગુણા (૨)
ગુરૂ ગુર્વિ પ્રચાલ ગુરૂસમ કર નિપુણા જય૦
ક્રમ ઐશ્વર્ય માળવા પેઠા હેઠ હાર (૨)
એમજ અજગયા ઉપર, પૂર્ણ પ્રયત્ન કરી જય૦
અગ્નિની લાટય જયવી, તમ તનુમાં ભટકયા (૨)
પણ તમ ઇશ્વરતાનો, પાર ન પામી શકયા જય૦
ગિરિશય અતિશય જયારે, યત્ન બધા ભાગ્યા (૨)
તવ ભક્તિ શ્રદ્ધાથી, સ્તુતિ કરવા લાગ્યા જય૦

ત્યારે તે તરત પ્રભુ, વિધિ હરિ ભક્ત બળે (૨)
આપો આપ પ્રકાશ્યુ, શુતમ સ્તુતિ ન ફળે જય૦
રાવણ વણુ યત્ને પણ, ત્રિભુવન સ્વામી (૨)
નિષ્કલંક અમલ કર્યે, ભારે ભુજ પામી જય૦
શિર્ષ કમલ પૂજા બહુ તમ ચરણે કીધે (૨)
પામ્યો બધુ તમ ભક્તિ, પ્રતાપને લીધે જય૦
જે પ્રભુ તમ સેવાથી, બળીઆ ભુજ મળ્યા (૨)
તે અજમાળ્યા તમધર, ગિરિવર સમ વળીયા જય૦
સહજ તમે અંગેઠો, હાળ્યો રમત થકી (૨)
નપતા લેખ ટકી શકયો. અઠયો પડે જનકી જય
ગુરૂવારે આ અષ્ટક, ગુરૂભાવે ગાશે (૨)
ત્રિભુવન ગુરૂપ્રસાદે, સુરગુરૂ સમ થાશે જય

(શનીવારની આરતી)

જય જય જય મંદ હસિત, સંપદ મંદ કરી (૨)
સતચિત આનંદ, જઅદાનંદ ભરા જય૦
પ્રવાહ પ્રભુ જે જળનો, નભને વ્યાપી રહ્યા (૨)
તે તમ શીરમાં સુક્ષમ, જળ છાંટો થયો જય૦
તેણે સિંધુ થઇ કર્યો, દ્વીપ ફરી ભુવનનો (૨)
પ્રભુ જાણી એજ એથી, મહિમા તમ તનનો જય૦
પૃથ્વી રાજા વિધિ સારથિ, હિમગીરીનુ ધનુષ ધર્યું (૨)

શશી રવી બે રથ ચક્ર, ચક્ર ધર શર કર્યું જય૦
ત્રિપુણ તૃણ બાળવામાં, આણ્યો દોળ વિભુ [૨]
સ્વવશ પદાર્થે રમતા, નહિ પરતંત્ર પ્રભુ જય૦
હરીએ હજાર પંકજ, તમ ચરણે ધરતાં [૨]
નિજ નયન કમલઅર્પ્યું, એક કમળ ધરતાં જય૦
એ ભક્તો તિશય ગિરિશમ, ચક્ર વપુ ધરીને [૨]
ત્રીભુવન અમને જાગૃત, રહિ ફળીયો હરીને જય૦
ક્રતુ સુતે પણ જાગ્યો. આપ ફળદ નિશ્ચે [૨]
જડ કર્મ ફળે નહી જો, ન્હોય પુરુષ વચ્ચે જય૦
ક્રતુ ફળ દાને તમને, શિવ જમીન ગણી [૨]
કૃતિમાં શ્રદ્ધા સહુ, મંડયા કર્મ ભણી જય૦
શનીવારે આ આરતિ, શિવ પાસે ગાશે [૨]
શિવ શનિ કરૂણાએ કરી, ગ્રહ પીડા જાશે જય૦
વારતીં આર્તિ હરી, પ્રત સમે ગાઇ [૨]
શ્રી ભુતનાથ પ્રીતિ, થાજો વરદાયી જય૦

(દશાવતારની આરતી)

ધાઇને ધનવંતો વેગે કરી ચકવો લીધો.
જળમાં નારી તોરીંગ પરણ્યા, જેજેકાર બોલાવ્યોરે
ઉતારો આરતી શ્રી કૃષ્ણ ઘેર આવ્યા, ૧

હરખે ને હુલામણે સામળીયો ઘેર આવ્યા
ઝીણે ઝીણે ચોખલીએને, મોતીડે વધાવ્યારે ઉતારો૦ ૨
કાલાને કાબરડા કીધા, વાદીના માનવંતા લીધા,
વામનજીનુ રૂપ ધરીને, બળીરાજા બોલાવ્યારે ઉતારો૦ ૩
નરસંગરૂપે નોર વધાર્યા આપે તો હરણ્યાકક્ષ્યપને માર્યા,
પ્રહ્લાદ પોતાનો જાણી ઉતારો૦ ૪
દાદુરરૂપે દૈત્ય સંહાર્યો, ભકત જનનો ફેરો ટાળ્યો,
દુમનદાસી ચરણુમાં રાખી. નામે વૈકુંઠપામ્યારે ઉતારો૦ ૫
ફરસુરામે ફરસી ફેરી, સહસ્ત્રાર્જુન હાથે માર્યા.
કામધેનની વહાર કીધી. જયદેવને ઉગાર્યારે, ઉતારો૦ ૬
કૌરવરૂપે કરણી કીધી, સઘળી પૃથ્વી જીતી લીધી.
નાગનેતરે મથન કરીને, ચૌદે રત્ન લાવ્યારે ઉતારો૦ ૭
સાતમે તો સાન કીધી. સમુદ્ર ઉપર પાજ બાંધી.
ગઢ લંકાનો કોઠો ફોરચો, મહાદેવ હરદેવને વાર્યો ઉતારો૦ ૮
સાવ સોનાની લંકાબાળી, દશ માથાળો રાવણ માર્યો
વિભિષણુને રાજ્ય સોપ્યું, સીતાવાળી લાવ્યારે ઉતા૦ ૯
આઠમે તો આગળ કીધી, સોનાગેડી કાંધ લીધી.
પાતાળ જઇને નાચ્યો, નાગણોને દર્શન દીધાં ઉતારો૦ ૧૦
નાગને તો દમન કરીને, કમળ ભારો લાવ્યારે.
નવમે તો બુદ્ધા ધ્યાન ધરીને, અજંપાના જાપ જપીને ૧૧
રણુકારમાં રસીયા થઇને, સોળ ભક્તને તાર્યારે.

દશમે તો દયા કીધ, નામ કલંકી રૂપ ધરીને
જગત જીતી આવ્યારે, એમ નરસીહ મ્હેતો ગાયરે ઉતારો૦ ૧૨
માતા જસોદા કુંવર કાન ઘેર આવ્યા
હરખેને હુલામણે, શામળીઓ ઘેર આવ્યા
ઝીણું ઝીણું ચોખલીએને મોતીડે વધાવ્યારે ઉતારો૦ ૧૩

(શ્રીમદ્ ભાગવતની આરતી)

જયદેવ જયદેવ જય શ્રીકૃષ્ણા
શ્રી હરિના ગુણ ગાવા, અતિ વામે તૃષ્ણા જયદેવ૦
પ્રથમે પરિક્ષીત આખ્યાન, વરણુ સુખકારી
શ્રાપ પામીને પોતે ગયા ગિરિધારી જયદેવ૦
બીજે શ્રી શુકદેવે જ્ઞાન કહ્યું ભારી
સ્થુલ સુક્ષમના રૂપે, અતિશય હિતકારી જયદેવ૦
ત્રીજે નિકળ્યા ઘરથી તીર્થ કરવાને
યમુનાજીને તીરે મળીયા મૈત્રેયને જયદેવ૦
મૈત્રેય રૂષિએ વિદુરને જ્ઞાન કહ્યું ભાસી,
કપિલ ગીતા રુપે મનહર સુખકારી જયદેવ૦
ચોથે દશ યજ્ઞની વાત વિસ્તારે વરણી
ધ્રુવ પૃથુનુ આખ્યાન પુરંજન કરણી જયદેવ૦
પાંચમે પ્રિયવ્રતની વાત ભારતાખ્યાન કહ્યું
ભુગોળે ખગોળને કહી કરી, નરકાખ્યાન કહ્યું જયદેવ૦

છઠે અજામિલ આખ્યાન નારાયણ કવચ કહ્યું
ઈંદ્રવિજયને કહી પછી વૃત અતિશ્રેષ્ઠ લખ્યું   જયદેવ૦

સાતમે પ્રહલાદનું આખ્યાન વરણ્યું વિસ્તારે
વર્ણાશ્રમનાં ધર્મો કથીઆ મહારાજે   જયદેવ૦

આઠમે ગજેન્દ્રનું આખ્યાન સાગર મથન કર્યું
બલીરાજાને યાચી સઘળું હરણ કર્યું   જયદેવ૦

નવમે ચંદ્ર સૂર્યના વંજ આખ્યાન સહિ કહ્યાં
અનેક રાષનાં નામો મુખે નવ જાય કહ્યાં   જયદેવ૦

દશમે કારાગ્રહમાં પ્રગટયા મુરારિ
ગોકુલમાં જઈ લીલા કીધી અતિભારી   જયદેવ૦

કંસાદિક સહુ દુષ્ટ વાથીઆ મહારાજે
દ્વારામતી જઈ વસીઆ, ભક્તોને કાજે   જયદેવ૦

એકાદશે ઉદ્ધવને જ્ઞાન કહ્યું ભારી
વિચાર કર્યાથી તરિયા અગણિત નરનારી   જયદેવ૦

દ્વાદશસ્કંધ અનૂપ કવિવર્ણન કર્યું
પરિક્ષત મોક્ષ કરીને પુસ્તક પુરૂં કર્યું   જયદેવ૦

દ્વાદશ સ્કંધની આરતિ જે કોઇ ગાશે,
શ્રી શુકદેવ કૃપાથી સુખશાન્તિ થાશે   જયદેવ૦

(વિષ્ણુની આરતી)

જયદેવ જયદેવ, વંદે ગોપાલં પ્રભુ૦
મૃગમદ ચર્ચિત ભાલં (૨) ભુવનત્રયપાલં. જયદેવ ૧
નીર્ગુણસ ગુણાકારં, સંહૃત ભુભારં, પ્રભુ૦
મુરહર નંદકુમારં (૨) મુનીજન સુખાકારં જયદેવ ૨
વૃંદાવન સંચારં, કાસ્તુભમણી હારં. પ્રભુ૦
કરૂણા પારાવારં (૨) ગોવર્ધ્ધન ધારં. જયદેવ ૩
કંબુગ્રીવા ગુંજા, તુલસી વનમાલં, પ્રભુ૦
શ્રીવત્સાંકિત વક્ષો (૨) લંબીત શ્રીકમલં. જયદેવ૦ ૪
બાહોભુષિત વેણું, કરધૃત દધિકવલં પ્રભુ૦
ત્રીવલિત શોભિત જયકરં (૨) જલધર વરનીલં જય૦ ૫
કુંચિત કુંતલ રમ્યં, સુંદર મુખ કમલં, પ્રભુ૦
બિંબાધર મતિ સુંદર (૨) નાસીમણી લોલં જયદેવ ૬
મણીગણ મંડલ કુંડલ, સજીત શ્રુતી મૂલં પ્રભુ૦
વિકસિત રાજિવનયનં (૨) વિકસિતભુ યુગલં જયદેવ ૭
મુરલી વાદન શીલં, સપ્તસ્વર ગીતં પ્રભુ૦
જલચર વનચર ખેચર (૨) ભુચરહૃત ચિતં જયદેવ૦ ૮
સ્તંભિત યમુના તોયં, અગણિત તવચરિતં પ્રભુ૦
ગોપીજન મનમોહન (૨) શાંતં શ્રીકાંતં જયદેવ ૯
રાસક્રીડા મંડલં. વેષ્ટિત વ્રજલન— પ્રભુ૦
તાંડવનૃત્ય સુસંગીત (૨) મોહિત રતિ મદનં. જયદેવ ૧૦

કુસુમાકર રાધાપતિ, યુતવનકૃત સયનં,—પ્રભુ૦
કાલિય ફણીહર દમનં (૨) પક્ષીબર ગમનં. જયદેવ ૧૧
કિંકિણિ મેખલ મધ્યં, પીતાંબર વસનં—પ્રભુ૦
નૂર કોમલ સંજીત (૨) વિધસિત પદ નલીનં. જયદેવ ૧૨
ગોપગોપી પરિવેષ્ટિત, યમુનાતટ સદનં, પ્રભુ૦
વ્યાસ ભયદં સુખદં (૨) ભુવનત્રય ભવનં. જયદેવ ૧૩

(અધિક માસની આરતી)

જયદેવ જયદેવ, જય અધિક માસ પ્રભો.
પાહિ સનાતન, ઇશ્વર પુરૂષોતમ વિષ્ણો. જયદેવ૦
આદ્યં પુરુષ પુરાણું; પુરુહુત મભ્યકતં.
નિત્યં સ્વતંત્ર મેકં, પરમાનંદ રુપં. જયદેવ૦
ગોલાકાભ્યંતર, પરબ્રહ્મ જયોતિર્મયં,
જયોતિર્મધ્યે રાધા, પુરુષોત દેવં. જયદેવ૦
નિર્ગુણ સગુણાકારં, સ્વેચ્છામય વિષ્ણું,
પરમાલ્હાદં શશ્વત્પર માનંદ રુપં. જયદેવ૦
સત્યં સત્યાનંદં, ચિન્મય આનંદં,
રાધા રમણુ મીશં, પુરૂષોત્તમ દેવં. જયદેવ૦
મંગલરુપ નનોહર, પૂર્ણેન્દુ વંદનં,
ભક્તાનુ ગ્રહકારક, ભાજન મણીમાલં જયદેવ૦
બ્રહ્માદિક વંદિત ગો લોકસ્થાનં.

અનાથમસં અધિકં પુરુષોત્તમ દેવં. જયદેવ૦
ચેતન્માસ, ભક્તં, મદ ભક્તે સ્તુલ્યં.
સ્નાનાં હોમં યજનં, મદર્પણું નિત્યં જયદેવ૦
ભક્તજન પ્રતિપાન, પુરુષો-તમ રાજન,
વિશ્વંભર હે સ્વામિન, રાધેશં દેવં જયદેવ૦
કમલા કાન્તં કૌસ્તુભમણિ હારં દેવં.
વૃન્દાવન જન વંદિત, રાસેશ્વર મમલં જયદેવ૦
કમનીયાનન હિમકર, કસ્તુરી તિલકં
દીપાવલીકા રુપં, તેજોમય ધામં. જયદેવ૦

(શંકરનો થાળ.)

પાટ બીછવાય દઉં બેસોને શિવજી, જલભર ઝારી ભરદઉંજી;
ખીર મીસરી થાળીમાં પીરસું, જમો ગંગાધર હર હરજી.
પાટ૦ ૧
પેંડા બરફી મોતીચુરજી, જલેબી સાટા ઘેબરજી;
ખાજાં ખાંડ ગુંજા હલવાજી, સુખે જમો ભીડ ભંજનજી
પાટ ૨
દળ મગદરીઆ અદડીઆ લાડુ, ભજીયાં સક્કર પારાજી;
દહીંથરાં ને શીરા લાપસી દુઃખભંજન તમે જમોજી.
પાટ૦ ૩

તુવર ચણા અડદ મગદારજી, બીરંજ ચોખા પીરશુંજી;
કુલકા ચોપડકર મેસુર ધરદઉં, જમો ત્ર્યંબકેશ્વર હરહરજી.
પાટ૦ ૪

કઢી પકવડી ઘોયલ દારજી, વડી મગવડી ધર દઉંજી,
ચટણી ચાર પાંચ બાર રાઇતાજી; ભુલેશ્વર તમે જમોજી.
પાટ૦ ૫

સેવ વડી પાપડ ગાંઠીઆજી, ચાર પાંચ શાક બીલોત્રીજી,
દહીંવડાંને સુતરફેણી, બાબુલનાથ તમે જમોજી,
પાટ૦ ૬

પુરી કચોરી માલપુડાજી, દુધ પતાસાં ધર દઉંજી;
રૂચી રુચી આનંદે જમોને શિવજી, ગુલાબ પંખા ઉડાવતજી.
પાટ૦ ૭

કાશીપતી વિશ્વનાથ જમે ત્યાં, આનંદ જય જયકાર હોયજી.
મુખવાસ નાગપાન બીડીયાં આપુજી, પોઢો જગપતિ સેજપરજી.
પાટ૦ ૮

સેજ પલંગપર પોઢો ચંદ્રચુડ, જીણી મુઠી પાય ચાંપુજી,
અત્તર ગુલાબકી સુગંધ છૂટે, સેવક ચોકી છડીદાર હોયજી.
પાટ૦ ૯

(શ્રી અન્નપુર્ણાસ્તોત્ર.)

નિત્યાનંદકરી વરાભયકરી સૌન્દર્ય રત્નાકરી ।
નિર્ધૂતાખિલ ઘોર પાવનકરી પ્રત્યક્ષ માહેશ્વરી ॥
પ્રાલેયાચલ વંશ પાવનકરી કાશીપુરાધીશ્વરી ।
ભિક્ષાં દેહિ કૃપાવલંબનકરી માતાન્નપૂર્ણેશ્વરી ॥૧॥
નાના રત્ન વિચિત્ર ભુષણકારી હેમાંબરાડંબરી ।
મુક્તાહાર વિલંબમાનવિલસદ્વક્ષોભ કુંભાંતરી ॥
કાશ્મીરા ગુરુવાસિતા રુચિકરી કાશીપુરાધીશ્વરી । ભીક્ષાં૦॥૨॥
યોગાનંદકરી રિપુક્ષયકરી ધર્માર્થ નિષ્ઠાકરી ।
ચંદ્રાર્કાનલભાસમાનલહરી ત્રૈલોક્ય રક્ષાકરી ॥
સર્વૈશ્વર્ય સમસ્તવાંછિતકરી કાશીપુરાધીશ્વરી । ભીક્ષાં૦॥૩॥
કૈલાસાચલ કંદરાલયકરી ગૌરી ઉમા શંકરી ।
કૌમારી નિગમાર્થ ગોચરકરી ઓંકારબીજાક્ષરી ॥
મોક્ષદ્વાર કપાટ પાટનકરી કાશીપુરાધીશ્વરી । ભીક્ષાં૦॥૪॥
દૃશ્યા દૃશ્ય પ્રભુતવાહનકરી બ્રહ્માંડભાંડોદરી ।
લીલા નાટક સૂત્ર ભેદનકરી વિજ્ઞાન દીપાંકુરી ॥
શ્રી વિશ્વેશમનઃ પ્રસાદનકરી કાશીપુરાધીશ્વરી । ભીક્ષાં૦॥૫॥
ઉર્વી સર્વજનેશ્વરી ભગવતી માતાન્નપૂર્ણેશ્વરી ।
વેણી નીલ સમાન કુંતલહરી નિત્ય દાનેશ્વરી ॥
સર્વાનંદકરી દશાશુભકરી કાશીપુરાધીશ્વરી । ભીક્ષાં૦ ॥૬॥
આદિ ક્ષાંત સમસ્તવર્ણકરી શંભો ત્રિભાવાકરી ।

કાશ્મીરા ત્રિજલેશ્વરી ત્રિલહારા નિત્યાંકુરા શર્વરી ॥
કામા કાંક્ષ કરી જનોદયકરી કાશીપુરાધીશ્વરી । ભીક્ષાં ॥૭॥
દેવી સર્વવિચિત્ર રત્નરચિતા દાક્ષાયણી સુંદરી ॥
વામં સ્વાદુપયોધર પ્રિયકરી સૌભાગ્ય માહેશ્વરી ।
ભક્તા ભિષ્ટકરી દશાશુભકરી કાંશીપુરાધીશ્વરી । ભીક્ષાં૦ ॥૮॥
ચન્દ્રાર્કાનલકોટિ કોટિ સદૃશા ચંદ્રાંશુબિમ્બાધારી ।
ચન્દ્રાર્કાગ્નિ સમાન કુંતલધરી ચંદ્રાર્કવર્ણેશ્વરી ॥
માલા પુસ્તક પાશ શાકુંશધરી કાશીપુરાધીશ્વરી । ભીક્ષાં૦ ૯॥
ક્ષત્રત્રારણકરી મહાભયકરી માતા કૃપાસાગરી ॥
સાક્ષાન્મોક્ષકરી સદાશિવકરી વિશ્વેશ્વર શ્રીધરી ।
દક્ષાંક્રંદકરી નિરામયકરી કાશીપુરાધીશ્વરી । ભીક્ષાં૦ ॥૧૦॥
અન્નપૂર્ણે સદાપૂર્ણે શંકર પ્રાણવલ્લભે ।
જ્ઞાન વૈરાગ્ય સિદ્ધયર્થં ભીક્ષાં દેહિચ પાર્વતી । ભીક્ષાં ॥૧૧॥
માતા ચ પાર્વતી દેવી પિતા દેવો માહેશ્વર :
બાંધવાઃ શિવભક્તાશ્ચ સ્વદેશો ભુવનત્રયમ ॥૧૨॥

(બિલ્વઅષ્ટક.)

ત્રિદલં ત્રિગુણાકારં ત્રિનેત્રં ચ ત્રિયાયુધં
ત્રિજન્મ પાપ સંહારમ, એક બિલ્વં શિવાર્પણં —૧
ત્રિશાખૈર્બિલ્વપત્રૈશ્ચ હ્યચ્છિદ્રૈઃ કોમલૈ શુભૈઃ
શિવપૂજાં કરિષ્યામિ, એક બિલ્વં શિવાર્પણં —૨

અખંડ બિલ્વ પત્રેણુ, પૂજીતે નંદિકેશ્વર
શુધ્યંતિ સર્વ પાપેભ્યો એક બિલ્વં શિવાર્પણું —૩
શાલિગ્રામ શિલામેકાં, બ્રિપ્રાણું જાતુ અર્પયેત્
સોમયજ્ઞ મહાપુણ્યમ્, એક બિલ્વં શિવાર્પણું —૪
દંતિ કોટિ સહસ્રાણિ, વાજપેય શતાનિ ચ
કોટિ કન્યા મહાદાનં, એક બિલ્વં શિવાર્પણું —૫
લક્ષ્મ્યાઃ સ્તતન ઉત્પન્નં, મહાદેવસ્ય ચ પ્રિયં
બિલ્વ વૃક્ષં પ્રયચ્છામિ, એક બિલ્વં શિવાર્પણું —૬
દર્શનં બિલ્વ વૃક્ષસ્ય, સ્પર્શનં પાપનાશનં
અઘોર પાપ સંહારં, એક બિલ્વં શિવાર્પણું —૭
મૂલતો બ્રહ્મરુપાય, મધ્યતો વિષ્ણુ રુપિણે
અગ્રતઃ શિવરુપાય, એક બિલ્વં શિવાર્પણું —૮
બિલ્વાષ્ટકમિદં પુણ્યં યઃ પઠેચ્છિવ સન્નિધૌ
સર્વ પાપ વિનિર્મુક્તઃ શિવલોકમવાપ્નુયાત્ —૯

છપાવી પ્રસિદ્ધ કરનાર:—બુકસેલર શા. જેચંદ સુરચંદ.
ગવર્નમેન્ટ તાર ઓફીસ સામે, ટાવર રોડ—સુરત.

છાપનાર:—ગોવિન્દજી ડાહ્યાભાઇ નાયક.
શ્રી 'અનાવિલ બન્ધુ' પ્રી. પ્રેસ, બરાનપુરી ભાગળ—સુરત.